ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/5922-57

અગત્યનું

પ્રવેશ બાબત

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 2377
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: 6/11/21
સહી:

ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.02/11/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય :- ધોરણ-9 થી 12માં વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.
સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/4385-4420,
તા.08/09/2021.

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભદર્શિત પત્રથી રાજ્યમાં કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શૈક્ષણિક વર્ષ 2021-22 માં ધોરણ 9 થી 12 માં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓને તા.20/09/2021 સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી થી શાળામાં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવેલ હતું. શાળા પ્રવેશ માટેની ઉક્ત સમય મર્યાદા પૂર્ણ થયા પછી પણ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીઓ દ્વારા, શાળાના આચાર્યો તેમજ વાલીઓ દ્વારા ધોરણ-9 થી 12માં પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓના શાળા પ્રવેશ માટે અત્રેની કચેરીને રજૂઆતો મળેલ હતી.

ઉક્ત વિગતે કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈને અત્રેની કચેરી દ્વારા ઉક્ત રજૂઆતો અન્વયે તા.31/10/2021 સુધી વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવેલ છે. ધોરણ-9 થી 12ની પ્રથમ કસોટી તા.18/10/2021 થી તા.28/10/2021 દરમ્યાન યોજાયેલ હતી. શાળાઓમાં પ્રથમ સત્ર પણ હવે પૂર્ણ થયેલ છે. શાળાઓમાં દિવાળી વેકેશન તા.01/11/2021 થી તા.21/11/2021 દરમ્યાન જાહેર કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતો અન્વયે પ્રથમ સત્ર અને શાળાકીય પ્રથમ પરીક્ષા પૂર્ણ થયેલ હોઈ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને ધ્યાને લઈને ધોરણ 9 થી 12 માટે શાળાકીય પ્રવેશ માટે હવે પછી મંજૂરી આપવામાં આવે તો વિદ્યાર્થીઓનો અભ્યાસ અધૂરો રહે. જે બાબત વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતની દ્રષ્ટિએ યોગ્ય ગણાય નહિ. જેથી હવે પછી ધોરણ-9 થી 12માં પ્રવેશ અંગેની કોઈપણ રજૂઆત અત્રેની કચેરીને મોકલવાની રહેશે નહિ. અત્રેથી હવે પછી કોઈપણ

D:\RE-1\શાળા પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓ - વર્ષ-2021\પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓના પ્રવેશ બાબત.docx

3/9/11

વિદ્યાર્થીને ધોરણ-૯ થી 12માં પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવશે નહિ. આ અંગેની વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

પરિપત્ર : 807

ક્રમાંક:પરીક્ષા/ધો.૯થી૧૨/પ્રવેશ મંજુરી/૨૦૨૧
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૯/૧૧/૨૦૨૧

ઉપરોક્ત પરીપત્ર અન્વયે જાણ તથા અમલ સારુ

જિલ્લા શિક્ષણાધિકારી વ
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉ. શાળાઓ તમામ
જિ-અમરેલી

D:\પ્રવેશ-\શાળા પ્રવેશથી વંચિત રહેલ વિદ્યાર્થીઓ - વર્ષ-2021\પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓના પ્રવેશ બાબત.docx